# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-03-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## સ્ટાર્ટઅપ ઈન્ડિયા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે વિકાસ ત્રિવેણીનો પ્રારંભ કરાવતાં જણાવ્યું કે પ્રધાનમંત્રીએ આપેલા મહિલાશક્તિ નેતૃત્વના વિકાસના અભિગમને સાકાર કરવા ગુજરાત પ્રતિબદ્ધ છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, દેશની યુવાશક્તિના ઇનોવેશન્સને નવી દિશા આપવા શરૂ કરાવેલું સ્ટાર્ટઅપ ઇન્ડિયા હવે રિવોલ્યુશન બની ગયું છે. એક દાયકા પહેલા દેશમાં 500થી ઓછા સ્ટાર્ટઅપ હતા તે વધીને હવે અંદાજે 2 લાખ સુધી પહોંચી ગયા છે તેમાં પણ મહિલાશક્તિની અડધોઅડધ ભાગીદારી છે. એટલું જ નહિ, વિમેન-લેડ સ્ટાર્ટઅપ ફંડિંગમાં ભારત અગ્રિમ હરોળમાં આવી ગયુ છે.

----------------------------------------------------------------------------------------

## ડિજિટલ ઉપકરણ :

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે નવી દિલ્હીમાં ચાર ડિજિટલ ઉપકરણનો શુભારંભ કર્યો. આ અવસરે તેમણે વસ્તી ગણતરી-2027 માટે મહિલાઓ અને પુરુષોના પ્રતિક- પ્રગતિ અને વિકાસનું અનાવરણ કર્યું. આ ઉપકરણોમાં હાઉસલિસ્ટિંગ બ્લોક ક્રિએટર વેબ એપ્લિકેશન, HLO મોબાઇલ એપ્લિકેશન, સ્વ-ગણતરી પોર્ટલ અને વસ્તી ગણતરી વ્યવસ્થાપન અને દેખરેખ સિસ્ટમ પોર્ટલનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઉન્નત કમ્પ્યુટિંગ વિકાસ કેન્દ્રએ દેશભરમાં ગણતરી કામગીરીને સરળ બનાવવા માટે અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવ્યા છે.

----------------------------------------------------------------------------------------

## ગર્વ.મેડિકલ સર્વિસીસ:

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટેની આવશ્યક દવાઓની યાદીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની એક હજાર ૩૮૬ દવાઓની સમીક્ષા કર્યા બાદ, ૧૫૦ નવી દવાઓનો ઉમેરો કરવામાં આવ્યો છે અને બિનજરૂરી ૫૭ દવાઓ રદ કરવામાં આવી છે. જેના પરિણામે હવે આગામી વર્ષ માટે કુલ એક હજાર ૪૭૯ જેટલી સર્જિકલ અને ડાયગ્નોસ્ટિક સહિતની જરૂરી દવાઓ દર્દીઓને સરળતાથી ઉપલબ્ધ બનશે.

---------------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

ભારતે રસાકસી ભરી મેચમાં ઇંગ્લેન્ડને સાત રને હરાવી આઈ.સી.સી પુરુષ ટી-20 વિશ્વ કપના અંતિમ જંગમાં પ્રવેશ કર્યો છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પરની બીજી સેમી ફાઇનલ મેચમાં ભારતે 7 વિકેટ ગુમાવી 253 રન કર્યા હતા જેમાં સેમસનના સહુથી વધુ 89 રન શિવમ દુબેના 43 અને ઈશાન કિશનના 39 રન મુખ્ય હતા. 254 રનના વિજયી લક્ષ્યાંક સામે ઈંગ્લેન્ડની ટીમ 7 વી કેટ ગુમાવી 246 રન કરી શકી હતી. જેકબ બેથલ 105 રન કર્યા હતા. ભારતના હાર્દિક પંડ્યાએ બે વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમનો અંતિમ જંગમાં  રવિવાર 8મીએ ન્યૂઝીલેન્ડ સામે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર  થશે.

---------------------------------------------------------------------------------------------------

## ગ્લોબલ ગુજરાતી એવોર્ડ:

સફેદ રણમાં આવતીકાલે તારીખ 7 અને 8 માર્ચે ‘ગ્લોબલ ગુજરાતી એવોર્ડ’ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય આ સમારોહમાં ગુજરાતી ફિલ્મ અને સંસ્કૃતિ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર કલાકારોને એવોર્ડ અપાશે.

ત્રિકમદાસજી મહારાજ, કીર્તિ જાદવજી વરસાણી, જાદવજી વિશ્રામ ગોરસિયા, ડૉ. દેવેન જોગલ, બાબુભાઈ ભીમાભાઈ આહીર, બીપીન સોનીને આ પ્રસંગે સન્માનિત કરવામાં આવશે.

આ રીતે ગ્લોબલ ગુજરાતી એવોર્ડ્સ કાર્યક્રમ કચ્છ માટે ગૌરવપૂર્ણ અવસર બની રહેશે અને વિવિધ ક્ષેત્રે કાર્યરત પ્રતિભાશાળી વ્યક્તિઓને પ્રોત્સાહન આપશે.

---

## પોલીસ ભરતી:

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર નું અઁતિમ પરિણામ જાહેર થયું છે. પોલીસ સબ ઇન્સ્પેક્ટર ની કેડરના એક હજાર 25 ઉમેદવારોના દસ્તાવેજની ચકાસણી પૂર્ણ થતાં પોલીસ ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોની આખરી પસંદગી યાદી ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવી છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા 472 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.ભરતી પ્રક્રિયામાં ૪ લાખ ૬૦ હજારથી વધુ ઉમેદવારોએ શારીરિક કસોટી આપી હતી.શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા એક લાખથી વધુ ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવાઈ હતી.

---

## બાર કાઉન્સિલ-ચુંટણી:

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી સંદર્ભે આજે સવારે 10.30 થી બપોરે 4 વાગ્યા સુધી ભુજ ડીસ્ટ્રીક્ટ કોર્ટ કમ્પાઉન્ડ મધ્યે મતદાન કરાશે. 888 વકીલનું મતદાર યાદીમાં નામ હોઈ મતદાન કરી શકશે. મતદાન કરવા સમયે નિયમઅનુસાર પોતાનો ઓળખ કાર્ડ સાથે રાખવાનો રહેશ

---